વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો
Frequently Asked Questions

- **હોમચોઈસ બ્રિસ્ટલ મારફતે મકાનો માટે કોણ અરજી કરી શકે છે?**
  હોમચોઈસ બ્રિસ્ટલ મારફતે ભાડાનાં મકાન માટે અથવા ઓછા ખર્ચે ઘરની માલિકી સાથેનાં મકાનો માટે અરજી કરવા માટે, તમને બ્રિસ્ટલના હાઉસિંગ રજિસ્ટર પર સ્વીકારવામાં આવેલાં હોવાં જ જોઈએ. 16 વર્ષ કે તેથી વધારે ઉંમરની કોઈ પણ વ્યક્તિ હાઉસિંગ રજિસ્ટરમાં જોડાવા માટે અરજી કરી શકે છે.

- **હાઉસિંગ રજિસ્ટરમાં જોડાવા માટે મારે કેવી રીતે અરજી કરવી?**
  તમારે એક એપ્લિકેશન ફોર્મ ભરવાનું રહેશે. ઓન-લાઈન એપ્લિકેશન ફોર્મ ભરવા માટે, ઓન-લાઈન એપ્લિકેશન ફોર્મ પર ક્લિક કરો અથવા તમે બ્રિસ્ટલ સિટી કાઉન્સિલના કોઈ પણ કસ્ટમર સર્વિસ પોઈન્ટ પરથી એપ્લિકેશન ફોર્મ મેળવી શકો છો.

- **મારે બીજા કયા દસ્તાવેજો પૂરા પાડવા પડશે?**
  તમારા એપ્લિકેશન ફોર્મની સાથે તમારે નીચેની વસ્તુઓ આપવાની રહેશે:
  - ઘરનાં બધાં જ સભ્યો માટે ઓળખનો પુરાવો (દા.ત. પાસપોર્ટ્સ, જન્મનાં સર્ટિફિકેટો)
  - હાલના સરનામાનો પુરાવો (દા.ત. તાજેતરનું ગેસ, વીજળી કે પાણીનું બિલ)
  - જો તમે બ્રિટિશ નાગરિક ન હો, તો યુ.કે.માં રહેવાના તમારા અધિકારનો પુરાવો (દા.ત. પાસપોર્ટ અથવા હોમ ઓફિસના બીજા લાગતાવળગતા દસ્તાવેજો)

  તમને મકાનની ઓફર કરવામાં આવે તે પહેલાં, તમારે તમારી અરજીને ટેકો આપવા માટે બીજા વધારાના દસ્તાવેજો પૂરા પાડવાના રહેશે. કયા દસ્તાવેજો પૂરા પાડવાના છે અને તે ક્યારે આપવાના છે તે અમે તમને કહીશું.
  પૂરા પાડવામાં આવેલા બધા જ દસ્તાવેજો અસલ, છેલ્લામાં છેલ્લી તારીખના અને કાયદેસર માન્ય હોવા જ જોઈએ. સ્વીકાર્ય દસ્તાવેજોની આખી યાદી માટે, હોમચોઈસ બ્રિસ્ટલ ટીમનો અથવા કોઈ પણ કસ્ટમર સર્વિસ પોઈન્ટનો સંપર્ક કરો, તેમના ખૂલવાના સમય અને સંપર્કની વિગતો માટે અમારો સંપર્ક કેવી રીતે કરશો પર ક્લિક કરો.

- **જો હું જોઈતા દસ્તાવેજો પૂરા ન પાડું તો શું થશે?**
  જો તમે જરૂરી સમયની અંદર (સામાન્ય રીતે 28 દિવસમાં) જોઈતા દસ્તાવેજો પૂરા નહિ પાડો અથવા અમારો સંપર્ક નહિ કરો, તો તમારી અરજી રદ કરી દેવામાં આવશે.

- **હાઉસિંગ રજિસ્ટર પર મારો સ્વીકાર કરવામાં આવ્યો છે તેની મને કેવી રીતે ખબર પડશે?**
  તમને હાઉસિંગ રજિસ્ટર પર સ્વીકારવામાં આવ્યાં છે તેવું ચોક્કસ કરતો એક પત્ર તમને મળશે. આમાં તમને કયા બેન્ડમાં મૂકવામાં આવ્યા છે, તમારી અરજી કઈ તારીખથી રજિસ્ટર કરવામાં આવી છે અને તમે કેટલા કદના મકાન માટે લાયક બનો છો તે પણ જણાવેલું હશે. તેમાં તમને મકાનો શોધવાની અને તેમના માટે અરજીઓ કરવાની શરૂઆત કેવી રીતે કરવી તે પણ જણાવેલું હશે.

- **શું તમે તમે હાઉસિંગ રજિસ્ટર પર લેવા માટે ઈનકાર કરી શકો છો?**
  એવાં કેટલાંક લોકો છે જેઓ હાઉસિંગ રજિસ્ટર પર નોંધાવા માટે લાયક બનતાં નથી. તેઓ આ છે:
  - જેઓ 1996ના અસાયલમ એન્ડ ઈમિગ્રેશન એક્ટ હેઠળ ઈમિગ્રેશન કંટ્રોલને અધીન હોય તેવાં કેટલાંક લોકો.
  - વિદેશથી આવેલાં કેટલાંક લોકો જેઓ ઈમિગ્રેશન કંટ્રોલને અધીન ન હોય, પરંતુ જેઓ યુ.કે., ચેનલ આઈલેન્ડ, ધ આઈલ ઓફ મેન અથવા રીપબ્લિક ઓફ આયરલેન્ડના કાયમી રહેવાસી ન હોય.
  - જે લોકો (તેમના ઘરનાં અન્ય સભ્યો સહિત) અસ્વીકાર્ય વર્તન કરવા બદલ ગુનેગાર ઠરેલાં હોય અને તેના લીધે તેઓ ભાડૂત હોવા તરીકે યોગ્ય ન હોય.

  વધારે વિગતવાર માહિતી માટે, હોમચોઈસ બ્રિસ્ટલ ટીમનો અથવા કોઈ એક કસ્ટમર સર્વિસ પોઈન્ટનો સંપર્ક કરો.

- **એકના એક બેન્ડમાં હું ક્યાં સુધી રહીશ?**
  જો તમે બેન્ડ 1-3માં હશો, તો તમારી અરજી ઉપર અમુક સ્પષ્ટતા કરવામાં આવેલા સમય પછી પુનઃવિચારણા કરવામાં આવશે.
  જો તમે બેન્ડ 4-5માં હશો, તો જ્યાં સુધી તમારા સંજોગો નહિ બદલાય અને તમારી અરજીને અગ્રતાના જુદા પ્રમાણમાં નહિ મૂકવામાં આવે ત્યાં સુધી તમે તે જ બેન્ડમાં રહેશો.

- **મારા સંજોગો બદલાય તો મારે શું કરવું?**
  તમારા સંજોગોમાં થયેલા કોઈ પણ ફેરફાર વિશે તમે અમને જાણ કરો તે ઘણું જ અગત્યનું છે, જેથી અમે તમારી અરજીમાં તે મુજબ સુધારા કરી શકીએ. જો આના પરિણામે તમારી અરજીને બીજા કોઈ બેન્ડમાં ખસેડવામાં આવશે તો તે અમે તમને કહીશું. જો તમે ઉપરના બેન્ડમાં જશો તો તે માટે વાપરવામાં આવેલી તારીખ, તમે જે તારીખે તે નવા બેન્ડમાં જશો તે તારીખ હશે. જો તમે નીચેના બેન્ડમાં જશો તો તે માટે વાપરવામાં આવેલી તારીખ, તમે પહેલાં જ્યારે તે બેન્ડમાં હતાં ત્યારે જે તારીખ લાગુ પાડવામાં આવી હતી તે તારીખ હશે અથવા તમે જ્યારે ઉપરના બેન્ડમાં હો ત્યારની કોઈ અગાઉની તારીખ હશે.

- **શું દર વર્ષે મારે મારી અરજી રીન્યૂ કરવી પડશે?**
  હા, દર વર્ષે એક વાર, સામાન્ય રીતે તમારી અરજીની વાર્ષિક તારીખે તમને સોગંદનામાનું એક ફોર્મ મોકલવામાં આવશે, જે તમારે ભરીને 28 દિવસની અંદર પાછું મોકલી આપવાનું જ રહેશે. જો તમે આ ફોર્મ પાછું નહિ મોકલો, તો તમારી અરજી રદ કરી દેવામાં આવી હોવાનું અમે તમને લખીને જણાવીશું.

- **મારા ઘરમાં કોઈ વ્યક્તિને કોઈ તબીબી બીમારી હોય તો?**
  જો તમારા ઘર-કુટુંબમાં કોઈને કોઈ તબીબી બીમારી હોય જે તમારી હાલની રહેઠાણની પરિસ્થિતિને કારણે વધારે બગડી હોય, તો તમને તે માટેની વિગતો આપવાનું કહેવામાં આવશે, તે પછી તેના પર કાઉન્સિલની હેલ્થ એન્ડ હાઉસિંગ ટીમ વિચારણા કરશે, જેઓ ભલામણો આગળ મોકલશે. તમારે કયા મકાનો માટે અરજી કરવી છે તેની પસંદગી કરવાનું ચાલુ રાખી શકો છો, પરંતુ તમારી પરિસ્થિતિને તમારે ખ્યાલમાં રાખવી જ જોઈએ અને યોગ્ય મકાનો માટે જ તમારો રસ પ્રદર્શિત કરવો જોઈએ, જેમ કે જો તમે દાદરા ચડી ન શકતાં હો તો ગ્રાઉન્ડ ફ્લોર પરનો ફ્લેટ અથવા બંગલો.

- **મકાનોની જાહેરાત કેટલીવાર કરવામાં આવે છે?**
  ભાડા માટે મળી શકતાં મકાનોની જાહેરાત દર અઠવાડિયે મંગળવારે મધરાતે 0.01 વાગ્યાથી રવિવારે રાત્રે 11.59 વાગ્યા સુધી કરવામાં આવે છે. વધારે વિગતો માટે સેવાનો ઉપયોગ કરવાની અમારી પગથિયાંવાર માર્ગદર્શિકાના વિભાગ, પગલું બે - પસંદગી પર ક્લિક કરો.

- **મકાનોની જાહેરાત ક્યાં કરવામાં આવે છે??**
  મકાનોની જાહેરાત નીચેની રીતે કરવામાં આવે છે:
  - ઓનલાઈન www.homechoicebristol.co.uk.
  - ન્યૂઝલેટરમાં, જે કસ્ટમર સર્વિસ પોઈન્ટ્સ પરથી અને હાઉસિંગ અસોસિએશનની ઓફિસોમાંથી મેળવી શકાશે.
  - બ્રિસ્ટલ ઈવનિંગ પોસ્ટની મંગળવારની આવૃત્તિમાં.

- **મકાનની જાહેરાતોમાં શું શું માહિતી આપેલી હશે?**
  જાહેરાતોમાં તે મકાનમાં કેટલા બેડરૂમો છે, તેના મકાનમાલિક, તે ક્યાં છે, તેનું ભાડું કેટલું છે તેમજ મકાનની અન્ય સુવિધાઓ - લાક્ષણિકતાઓ આપેલી હશે. મકાનનો એક ફોટો પણ આપેલો હશે, વેબસાઈટ પર જાહેરાત કરવામાં આવતાં મકાનો માટે તેના સ્થાનિક વિસ્તાર તેમજ સુવિધાઓની માહિતી આપતી લિન્ક પણ આપવામાં આવેલી હશે. જો અરજી કરનારાએ કોઈ ખાસ શરત પૂરી કરવી પડે તેમ છે કે નહિ, જેમ કે ઉંમરને લગતી શરતો વગેરે તે પણ જાહેરાતમાં તમને જણાવેલું હશે, તે ઉપરાંત કયા બેન્ડમાં રહેલાં લોકો તે મકાન માટે અરજી કરી શકે છે તેમજ તે મકાન માટે કોને અગ્રતા આપવામાં આવશે તે પણ તેમાં જણાવેલું હશે. જો તમને આપવામાં આવેલી બેડરૂમની હકપાત્રતા, મકાનમાં બતાવેલા બેડરૂમોની સંખ્યા કરતાં જુદી હોય, તો સામાન્ય રીતે તમે તે મકાન માટે અરજી કરી શકશો નહિ.

- **કોઈ મકાન માટે મારે અરજી કેવી રીતે કરવી?**
  તમે નીચેની રીતે મકાનમાં તમને રસ હોવાનું વ્યક્ત કરી શકો, અથવા સામાન્ય રીતે કહેવાય છે તેમ, તે માટે અરજી કરી શકો છો:
  - અમારી આ વેબસાઈટ પરથી ઓનલાઈન, www.homechoicebristol.co.uk
  - 0845 270 1382 નંબર પર અમારી 24 કલાક ખુલ્લી રહેતી સ્વયંસંચાલિત ટેલિફોન સેવા મારફતે
  - 07781 486 941 પર ટેક્સ્ટ કરીને.

- **હું કેટલાં મકાનોમાં રસ હોવાનું વ્યક્ત કરી શકું છું?**

તમે દર અઠવાડિયે વધુમાં વધુ ત્રણ મકાનોમાં તમારો રસ વ્યક્ત કરી શકશો. જો કે, તમારા કુટુંબ માટે યોગ્ય હોય તેવાં મકાનોમાં જ તમે તમારો રસ હોવાનું વ્યક્ત કરી શકશો. જો તમે તમારો વિચાર બદલો અથવા તમને બીજા કોઈ મકાનની ઓફર થવાની વધારે શક્યતા હોવાનું લાગે તો તમે તમારી બીજી અરજીઓ પાછી ખેંચી શકો છો અને બીજાં મકાનો માટે અરજી કરી શકો છો.

- **કોઈ મકાન માટે અરજી કરવા માટે મને કેટલો સમય મળશે?**
  મકાનોની જાહેરાત મંગળવારે મધરાત 0.01 વાગ્યાથી કરવામાં આવશે અને તમે રવિવારે રાત્રે 11.59 સુધીમાં તમારી અરજી નોંધાવી શકશો.

- **તે જ મકાનમાં બીજાં કેટલાં લોકોને રસ છે તેની મને ખબર પડશે?**
  હા, તમે જ્યારે કોઈ મકાન માટે અરજી કરશો ત્યારે તે માટેની કતારમાં તમારો નંબર કેટલામો છે તે તમને કહેવામાં આવશે. એક જ મકાન માટે અનેક લોકો અરજી કરતાં હોવાથી આ નંબરમાં વારંવાર ફેરફાર થયા કરવાની શક્યતા છે. આ માહિતીનો ઉપયોગ કરીને તમે કદાચ એક મકાન માટે તમારી અરજી પાછી ખેંચી લેવાનો અને બીજા કોઈ જે મકાન માટે કતારમાં તમારો નંબર આગળ હોય તે માટે અરજી કરવાનું પણ નક્કી કરી શકો. અરજી માટેની છેલ્લી તારીખ પહેલાં તમે આ ગમે તે સમયે કરી શકો છો.

- **મકાન કોને આપવામાં આવે તેનો નિર્ણય તમે કેવી રીતે કરો છો?**
  એક વાર અરજીઓ કરવા માટેની છેલ્લી તારીખ જતી ર ા પછી, કોઈ મકાનમાં રસ ધરાવનારાં અરજદારોની એક યાદી બનાવવામાં આવે છે. આ યાદી તે મકાન માટેની જાહેરાતની વિગતોમાં જણાવેલા માપદંડ અનુસાર લાયકાતના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ યાદીમાં સૌથી પહેલા નંબરે રહેલા અરજદારને સામાન્ય રીતે તે મકાન આપવામાં આવે છે. વધારે વિગતો માટે પગલું ત્રણ - ઓફર પર ક્લિક કરો.

  અરજી કરવા માટેનું આ ચક્ર રવિવારે રાત્રે 23.59 વાગે પૂરું થાય છે. ચક્ર પૂરું થાય ત્યારે કોઈ મકાન માટે તમે પહેલા નંબર પર છો એવું તમે જુઓ તો કૃપા કરીને તે માટેના લાગતાવળગતા મકાનમાલિક તમારો સંપર્ક કરે તેની રાહ જુઓ, કારણ કે તેઓ કદાચ તરત જ તમારો સંપર્ક ન પણ કરી શકે.

- **જો કોઈ મકાન માટે હું સફળતાપૂર્વક અરજી કરું, તો શું મકાનમાલિક તે મકાન મને ભાડે આપવાનો ઈનકાર કરી શકે છે?**
  જો તમે યાદીમાં સૌથી ઉપરના નંબરે હો અને મકાનમાલિકને લાગે કે તે મકાન તમને આપવા યોગ્ય ન હોવા માટેનું કોઈ કારણ છે, તો તેઓ તમને કહેશે. જો આ નિર્ણય સાથે તમે સહમત ન હો, તો તમારે સીધા જ મકાનમાલિકનો સંપર્ક કરવાનો રહેશે.

- **જો મને કોઈ મકાનની ઓફર કરવામાં આવે, તો મારો નિર્ણય લેતાં પહેલાં શું હું તે મકાન જોઈ શકું છું?**
  હા. તમને તે મકાન જોવાની તક આપવામાં આવશે અને તમે તે સ્વીકારવા માગો છો કે નહિ તેનો તમે નિર્ણય લઈ શકશો.

- **મેં મકાન જોયા પછી મને તે ન ગમે તો?**
  તમને ઓફર કરવામાં આવેલું મકાન લેવાનો તમે ઈનકાર કરશો તો સામાન્ય રીતે તમને છ મહિનાના સમય માટે એક બેન્ડ નીચે મૂકી દેવામાં આવશે. જો તમને લાગે કે આ ઓફર વાજબી ઓફર ન હતી, અને તે તમારા માટે યોગ્ય ન હતી, તો ઈનકાર કરવા માટેનાં તમારાં કારણો તમારે હોમચોઈસ બ્રિસ્ટલ ટીમને લેખિત જણાવવાનાં રહેશે. જો તમને આમાં મદદની જરૂર હોય, તો તમારે કોઈ પણ કસ્ટમર સર્વિસ પોઈન્ટનો સંપર્ક કરવો જોઈએ. સંપર્ક માટેની બધી જ વિગતો માટે અમારો સંપર્ક કેવી રીતે કરશો પર ક્લિક કરો.

- **જાહેરાત કરવામાં આવેલાં મકાનોનું શું થયું તેની મને કેવી રીતે ખબર પડશે?**
  સફળતાપૂર્વક ભાડે ચડાવવામાં આવેલાં મકાનો વિશેની માહિતી જાહેર કરવામાં આવે છે. દરેક મકાનમાં કેટલી સંખ્યામાં અરજદારોએ રસ વ્યક્ત કર્યો હતો તે અને દરેક મકાનનો બેન્ડ અને દરેક અરજદારની રજિસ્ટ્રેશનની તારીખ અમે તમને જણાવીશું. ભાડે ચડાવવામાં આવેલાં મકાનોનાં પરિણામો જોવા માટે, તાજેતરમાં ભાડે ચડાવેલાં મકાનો પર ક્લિક કરો.

- **આ માહિતીથી મને કેવી રીતે મદદ થશે?**
  કોઈ અમુક મકાન કે વિસ્તારની માગ કેટલી વધારે છે અને તમારે સામાન્ય રીતે કેટલા સમય સુધી રાહ જોવી પડશે તેનો તમને આનાથી બહેતર ખ્યાલ આવશે. તે પછી તમે કદાચ નક્કી કરી શકો કે તમે બીજા કોઈ પ્રકારનાં મકાનો કે બીજા કોઈ વિસ્તારમાં મકાનો જોવા માગો છે કે કેમ, જ્યાં તમારે કદાચ આનાથી ઓછો સમય રાહ જોવી પડે.

- **કારપેટો અને ઘરગથ્થું સાધનો પૂરાં પાડવામાં આવે છે?**

સામાન્ય રીતે તમારે તમારી પોતાની કારપેટ અને સાધનો લાવવાનાં રહેશે.

- **રહેઠાણ માટે બીજા કયા વિકલ્પો છે?**
  બ્રિસ્ટલ વિસ્તારમાં ઘરોની અત્યંત તંગી છે. હાઉસિંગ રજિસ્ટર પર અરજી કરનારાં મોટા ભાગનાં અરજદારોએ બીજું ઘર મેળવવા માટે ઘણો લાંબો સમય રાહ જોવી પડશે, અને નીચલા બેન્ડ્સમાં રહેલાં ઘણાં લોકોને તો પણ તેમના સ્થાનિક વિસ્તારમાં ઘર મળી શકે તેવી ઘણી ઓછી શક્યતાઓ છે.
  તમારા સંજોગોના આધારે, તમે ખાનગી ક્ષેત્રમાં ઘર ભાડે રાખવા જેવા બીજા વિકલ્પોનો કદાચ વિચાર કરવા ઈચ્છો. જો તમે અમુક ચોક્કસ માપદંડ પૂરો કરતાં હશો તો ખાનગી ક્ષેત્રમાં ઘર ભાડે રાખવા માટેની ડિપોઝિટ ચૂકવવામાં અમે કદાચ તમારી મદદ કરી શકીએ. તમારા રહેઠાણ માટેના વિકલ્પોની ચર્ચા કરવા માટે હોમચોઈસ બ્રિસ્ટલની ટીમ સાથે અપોઈન્ટમેન્ટ ગોઠવીને ઈન્ટરવ્યૂ કરી શકાય છે.

- **હું હોમલેસ (ઘરવિહોણો) થઈ જાઉં તો શું થશે?**
  જો તમે હોમલેસ (ઘરવિહોણા) થઈ ગયાં હો અથવા તમારું ઘર ગુમાવવાનો ભય ઊભો થયો હોય તો તમારે હોમચોઈસ બ્રિસ્ટલ ટીમનો અથવા કસ્ટમર સર્વિસ પોઈન્ટ્સનો સંપર્ક કરવો જોઈએ. તમને ઘરવિહોણાં થતાં બચાવવા માટે અમે તમારી સાથે મળીને કામ કરીશું અને તમારા રહેઠાણના વિકલ્પોની તમારી સાથે ચર્ચા કરીશું. જો આમાં સફળતા નહિ મળે, તો તમને કદાચ થોડા સમય પૂરતું રહેઠાણ આપવામાં આવી શકે. તમે હજુ પણ હોમચોઈસ બ્રિસ્ટલ મારફતે મકાનોમાં તમારો રસ વ્યક્ત કરી શકો છો, પરંતુ તે માટે તમારી અરજી હાઉસિંગ રજિસ્ટર સ્વીકારવામાં આવી હોય તો. પરંતુ મોટા ભાગના કિસ્સાઓમાં તમારી ઘરવિહોણા થવાની સમસ્યાનો ઉકેલ લાવી શકાય તેટલી ઝડપથી આ નહિ બને, કારણ કે મોટા ભાગનાં અરજદારોએ સફળતાપૂર્વક ઘર મેળવતાં પહેલાં ઘણો લાંબો સમય રાહ જોવી પડે છે.

- **નિર્ણયની પુનઃવિચારણા માટેની વિનંતી મારે કેવી રીતે કરવી?**
  જો તમે નીચેનામાંથી કોઈ પણ નિર્ણય સાથે સહમત ન થતાં હો, તો તમે તેની પુનઃવિચારણા (રિવ્યૂ) માટે વિનંતી કરી શકો છોઃ
  - હાઉસિંગ રજિસ્ટરમાં જોડાવા માટે તમે લાયક નથી
  - ઓફર મેળવવા માટે તમે લાયક નથી
  - તમે વિનંતી ન કરી હોવા છતાં તમારી અરજી રદ્દ કરી દેવામાં આવી છે
  - તમને લાગતું હોય કે તમને ખોટા બેન્ડમાં મૂકવામાં આવ્યા છે અથવા તમને ખોટી અગ્રતાની તારીખ આપવામાં આવી છે

  પુનઃવિચારણાની વિનંતી કરવા માટે, તમને નિર્ણયની તેમજ તે માટેનાં કારણની જાણ કરવામાં આવ્યાની તારીખના 21 દિવસની અંદર તમારે હોમચોઈસ બ્રિસ્ટલનો સંપર્ક કરવો જ જોઈએ. નિર્ણયની જ્યારે પુનઃવિચારણા કરવામાં આવે ત્યારે ધ્યાનમાં લેવા માટે તમે કદાચ બીજી વધારાની માહિતી લેખિતમાં પૂરી પાડી શકો છો. પુનઃવિચારણાનું પરિણામ તમને સામાન્ય રીતે 8 અઠવાડિયાંની અંદર જણાવવામાં આવશે. તે પછી તમે બીજી પુનઃવિચારણા માટેની વિનંતી કદાચ ન કરી શકો.

સેવાનો ઉપયોગ કેવી રીતે કરવો

કૃપા કરીને હોમચોઈસ બ્રિસ્ટલનો ઉપયોગ કરવા માટેની અમારી પગથિયાંવાર માર્ગદર્શિકા અનુસરો.

કાઉન્સિલનું અથવા હાઉસિંગ અસોસિએશનનું મકાન ભાડે લેવા માટે આ સેવાનો ઉપયોગ કેવી રીતે કરવો તે આ તમને જણાવે છે.

પહેલું પગલું	રજિસ્ટ્રેશન (નોંધણી)
બીજું પગલું	પસંદગી
ત્રીજું પગલું	ઓફર
ચોથું પગલું	વળતા વિચાર જણાવવા

પહેલું પગલું - રજિસ્ટ્રેશન (નોંધણી)

જો હાઉસિંગ રજિસ્ટર પર તમારી ચાલુ અરજી હશે, તો તમે હોમચોઈસ બ્રિસ્ટલ મારફતે મકાનો માટે અરજી કરી શકશો. હાઉસિંગ રજિસ્ટર માટે કેવી રીતે અરજી કરવી તેની વિગતો માટે સેવાનો ઉપયોગ કોણ કરી શકે છે પર ક્લિક કરો.

બીજું ઘર મેળવવા માટેની તમારી અરજીનું એકવાર મૂલ્યાંકન કરી દેવામાં આવશે તે પછી અમે તમને પત્ર લખીને નીચેની વિગતો જણાવીશું:

- તમારો હાઉસિંગ એપ્લિકેશન નંબર
- તમારી અરજી કયા બેન્ડમાં મૂકવામાં આવી છે અને તમારી અરજી અસરમાં આવ્યાની તારીખ. વધારે માહિતી માટે એપ્લિકેશનોને અગ્રતા આપવી પર ક્લિક કરો.
- તમે કેટલા બેડરૂમ મેળવવા માટે હકદાર છો.

તમારા સંજોગોમાં જો કોઈ ફેરફાર થાય તો તમારે અમને કહેવું જ જોઈએ, જેથી તમારી અરજીનું ફરીથી મૂલ્યાંકન કરી શકીએ અને જો જરૂર પડે તો તમારા બેન્ડમાં અને અગ્રતાની તારીખમાં ફેરફાર કરી શકીએ.

મકાનનું કદ

તમારા કુટુંબના કદ અનુસાર યોગ્ય હોય તેટલા જ કદનું મકાન મેળવવા માટે તમે લાયક બનશો. તમે કેટલી સંખ્યામાં બેડરૂમો મેળવવા લાયક બનો છો તેનો નિર્ણય સામાન્ય રીતે અમે કેવી રીતે કરીએ છીએ તે નીચેના ટેબલમાં બતાવેલું છે:

	બેડરૂમોની સંખ્યા					
કુટુંબનો પ્રકાર	**બેડસિટ**	**1**	**2**	**3**	**4**	**5**
સિંગલ (એકલા) અરજદાર	0	1				
સાથે રહેતાં અથવા પરિણિત દંપતિ, બાળકો વગર		1				
સિંગલ અરજદાર અથવા બાળક આવવાનું હોય તેવાં દંપતિ		1	2			
એક બાળક સાથેના સિંગલ અરજદાર અથવા દંપતિ			2			
બે બાળકો સાથેના સિંગલ અરજદાર અથવા દંપતિ (બાળકો 10 વર્ષથી નાની ઉંમરનાં એક છોકરો એક છોકરી હોય)			2			
બે બાળકો સાથેના સિંગલ અરજદાર અથવા દંપતિ (21 વર્ષથી ઓછી ઉંમરના બે છોકરા અથવા બે છોકરીઓ હોય)			2			
બે બાળકો સાથેના સિંગલ અરજદાર અથવા દંપતિ (એક છોકરો અને એક છોકરી હોય, અને ઓછામાં ઓછું બેમાંથી એક 10 વર્ષથી વધારે ઉંમરનું હોય)				3		
ત્રણ બાળકો સાથે સિંગલ અરજદાર અથવા દંપતિ (છોકરા અને છોકરીઓ બંને લિંગનાં બાળકો, બધાં જ 10 વર્ષથી ઓછી ઉંમરનાં)				3		

ત્રણ બાળકો સાથે સિંગલ અરજદાર અથવા દંપતિ (બધા જ છોકરાઓ અથવા બધી જ છોકરીઓ, બધાં 21 વર્ષથી ઓછી ઉંમરનાં)				3		
ત્રણ બાળકો સાથે સિંગલ અરજદાર અથવા દંપતિ (છોકરા અને છોકરીઓ બંને લિંગનાં બાળકો, બધાં જ 21 વર્ષથી ઓછી ઉંમરનાં)				3		
ત્રણ બાળકો સાથે સિંગલ અરજદાર અથવા દંપતિ (બધા જ છોકરાઓ અથવા બધી જ છોકરીઓ, બે 21 વર્ષથી ઓછી અને એક 21 વર્ષથી વધારે ઉંમરનાં)				3		
ત્રણ બાળકો સાથે સિંગલ અરજદાર અથવા દંપતિ (એક 21 વર્ષથી ઓછી ઉંમરનું અને બે 21 વર્ષથી વધારે ઉંમરનાં)				3	4	
ત્રણ બાળકો સાથે સિંગલ અરજદાર અથવા દંપતિ (બધા જ છોકરા અથવા બધી જ છોકરીઓ, બધાં 21 વર્ષથી વધુ ઉંમરનાં)				3	4	
ત્રણ બાળકો સાથે સિંગલ અરજદાર અથવા દંપતિ (છોકરા અને છોકરીઓ, બધાં જ 21 વર્ષથી વધુ ઉંમરનાં)				3	4	
ત્રણ બાળકો સાથે સિંગલ અરજદાર અથવા દંપતિ (એક 21 વર્ષથી વધુ ઉંમરનું અને બેમાંથી એક છોકરો, એક છોકરી, એક 10 વર્ષથી નાનું અને એક 10 વર્ષથી વધુ ઉંમર)				3	4	
ચાર બાળકો સાથે સિંગલ અરજદાર અથવા દંપતિ (બધા જ છોકરા કે બધી જ છોકરીઓ, બધાં 21 વર્ષથી ઓછી ઉંમરનાં)				3		
ચાર બાળકો સાથે સિંગલ ઉમેદવાર અથવા દંપતિ (છોકરા-છોકરી બંને, બધાં 10 વર્ષથી ઓછી ઉંમરનાં)				3		
ચાર બાળકો સાથે સિંગલ ઉમેદવાર અથવા દંપતિ (બે છોકરા, બે છોકરી, બધાં 21 વર્ષથી ઓછી ઉંમરનાં)				3		
ચાર બાળકો સાથે સિંગલ ઉમેદવાર અથવા દંપતિ(બધા જ છોકરા કે બધી જ છોકરીઓ, ત્રણ 21 વર્ષથી નાનાં અને એક 21 વર્ષથી વધુ ઉંમર)				3	4	

ચાર બાળકો સાથે સિંગલ અરજદાર અથવા દંપતિ (ત્રણ છોકરા કે ત્રણ છોકરીઓ, 10 વર્ષથી નાનાં અને એક છોકરી કે છોકરો 10 વર્ષથી વધુ ઉંમર)					4	
ચાર બાળકો સાથે સિંગલ અરજદાર અથવા દંપતિ (10 વર્ષથી નાનાં ત્રણ છોકરા અને છોકરીઓ અને એક 21 વર્ષથી વધુ ઉંમર)					4	

* વધારે મોટાં કુટુંબો 3 બેડરૂમ, 4, 5 અને 6 કે તેથી વધારે બેડરૂમોવાળાં મકાનો માટે અરજી કરી શકે છે.

નોંધઃ આરોગ્યને લગતાં કારણોસર કોઈ કુટુંબ કેટલા કદના મકાનની અરજી કરી શકે છે તેમાં કાઉન્સિલની હેલ્થ એન્ડ હાઉસિંગ ટીમ વધારો કરી શકે.

પગલું બે - પસંદગી

મકાનોની જાહેરાત કરવી

બ્રિસ્ટલ સિટી કાઉન્સિલ અને હાઉસિંગ અસોસિએશનનાં મકાનોની દર અઠવાડિયે જાહેરાત કરવામાં આવે છે, આ જાહેરાતનું ચક્ર મંગળવારે મધરાતે 0.01 વાગે શરૂ થાય છે અને તે રવિવારે રાત્રે 11.59 વાગ્યા સુધી ચાલે છે, તમને જે મકાનમાં રસ હોય તે મકાન ઉપર આ સમય દરમ્યાન તમારી અરજી મૂકીને તમે તમારો રસ જાહેર કરી શકો છો. જાહેરાત કરવામાં આવેલાં કોઈ પણ મકાનમાં પોતાનો રસ વ્યક્ત કરવા માટે 'બિડ' શબ્દ વાપરવામાં આવે છે.

ભાડા માટે મળી શકતાં બ્રિસ્ટલ સિટી કાઉન્સિલનાં અને હાઉસિંગ અસોસિએશનનાં મકાનોની નીચેની રીતે જાહેરાત કરવામાં આવે છે.

- આ વેબસાઈટ પર પ્રોપર્ટી સર્ચ મારફતે.
- બ્રિસ્ટલ ઈવનિંગ પોસ્ટની મંગળવારની આવૃત્તિમાં
- કોઈ પણ કસ્ટમર સર્વિસ પોઈન્ટ પરથી મળી શકતા ન્યૂઝલેટરમાં. કસ્ટમર સર્વિસ પોઈન્ટ ખૂલવાના સમયની વિગતો માટે જુઓ અમારો સંપર્ક કેવી રીતે કરશો.

મકાનની જાહેરાતમાં, મકાનનો ફોટો પણ આપેલો હશે અને તેમાં કેટલા બેડરૂમો આવેલા છે, તે ક્યાં આવેલું છે, તેનું ભાડું, મકાનમાલિક કોણ છે તેમજ અન્ય લાગતીવળગતી માહિતી આપવામાં આવેલી હશે જેથી તમારા માટે કયા મકાનો યોગ્ય છે નક્કી કરવામાં મદદ મળશે. ઈન્ટરનેટ પર જાહેરાત કરવામાં આવતાં મકાનો માટે સ્થાનિક વિસ્તાર તેમજ અન્ય સુવિધાઓ વિશે માહિતી આપતી લિન્ક પણ આપવામાં આવેલી હશે.

તે મકાન માટે તમારો વિચાર કરવામાં આવે તે માટે તમારે લાયકાતને લગતી કોઈ શરતો પૂરી કરવી જરૂરી રહેશે કે નહિ તે પણ જાહેરાતમાં તમને જણાવેલું હશે. આમાં ઉંમરને લગતી શરતો, કયા બેન્ડમાં રહેલાં લોકો મકાન માટે અરજી કરી શકે છે અને કયા બેન્ડનાં લોકોને અગ્રતા આપવામાં આવશે તેની વિગતોનો પણ તેમાં કદાચ સમાવેશ કરવામાં આવેલો હશે. જો બેડરૂમોને લગતી તમારી હકપાત્રતા મકાનની જાહેરાતમાં જણાવેલી સંખ્યા કરતાં જુદી હશે, તો સામાન્ય રીતે તમે તે મકાન માટે અરજી કરી શકશો નહિ.

મકાનની તમને વિગતો જણાવવા માટે અનેક જુદાં જુદાં ચિહ્નો વાપરવામાં આવે છે.

કોઈ મકાનમાં તમને રસ હોવાનું વ્યક્ત કરવું

કોઈ મકાનમાં તમને રસ હોવાનું વ્યક્ત કરવા માટે, તમારો તે મકાન માટે વિચાર કરવામાં આવે તેવું તમારે અમને જણાવવું જ પડે છે. તમારા કુટુંબના કદ અનુસાર યોગ્ય હોય તેવાં જ મકાન માટે તમારો વિચાર કરવામાં આવે એવું બની શકે. તમે વધુમાં વધુ કેટલા બેડરૂમનું મકાન મેળવવા માટે હકદાર છો તે જાણવા માટે પગલું એક - રજિસ્ટ્રેશન ઉપર ક્લિક કરો. અમુક સંજોગોમાં તમે હકદાર હો તેના કરતાં થોડા નાના મકાન માટે કદાચ અરજી કરી શકાય છે, પરંતુ તેમ કરવાથી તે મકાનમાં યોગ્ય હોય તેના કરતાં બહુ વધારે પડતાં માણસોની ભીડ ન થવી જોઈએ.
તમે નીચેનીમાંથી કોઈ એક રીતે તમારો રસ વ્યક્ત કરી શકો છો, અથવા મકાન માટે 'બિડ' કરી શકો છોઃ

- અમારી વેબસાઈટ મારફતે ઓનલાઈન. તમારા હાઉસિંગ એપ્લિકેશન નંબર અને અરજી કરનાર મુખ્ય વ્યક્તિની જન્મતારીખનો ઉપયોગ કરીને લોગઈન કરો. Login/My account
- અમારી 24 કલાક ખુલ્લી રહેતી સ્વયંસંચાલિત અરજી કરવાની લાઈન 0845 270 1382 પર ફોન કરીને
- 07781 486 941 પર ટેક્સ્ટ કરીને
- કોઈ પણ કસ્ટમર સર્વિસ પોઈન્ટ પર સેલ્ફ સર્વિસ પોઈન્ટનો ઉપયોગ કરીને. આ કેવી રીતે કરવું તે અમારા કર્મચારી ખુશીથી તમને સમજાવશે.

જાહેરાતના સમયચક્ર દરમ્યાન તમે વધુમાં વધુ 3 મકાનો માટે અરજી કરી શકશો. રવિવારની મધરાત પછી અરજીઓ સ્વીકારવામાં આવશે નહિ. તમારા કુટુંબના કદ મુજબ યોગ્ય હોય તેવાં જ મકાનો માટે તમે અરજી કરી શકશો.

હાલમાં ઉપલબ્ધ મકાનો

હાલમાં કયા મકાનો ઉપલબ્ધ છે તે જાણવા માટે ક્લિક કરો પ્રોપર્ટી સર્ચ.

સેવાનો ઉપયોગ કરવામાં તમારી મદદ કરવી

જો તમને અથવા તમે જાણતાં હો તેવી બીજી કોઈ વ્યક્તિને અમારી સેવાનો ઉપયોગ કરવામાં કોઈ મદદની જરૂર હોય, તો કૃપા કરીને હોમચોઈસ બ્રિસ્ટલ ટીમનો અથવા કોઈ પણ કસ્ટમર સર્વિસ પોઈન્ટનો સંપર્ક કરો. સંપર્કની વિગતો અને ખૂલવાના સમય જાણવા માટે અમારો સંપર્ક કેવી રીતે કરશો પર ક્લિક કરો.

પગલું ત્રણ - ઓફર

મળેલી બધી જ અરજીઓને બેન્ડની સ્કીમ અનુસાર તેમજ મકાનની જાહેરાતમાં જણાવવામાં આવેલા લાયકાત માટેના કોઈ પણ માપદંડને ધ્યાનમાં લઈને આપમેળે જ અગ્રતાના ક્રમમાં મૂકવામાં આવે છે, અને તે રીતે જાહેરાત કરવામાં આવેલા દરેક મકાન માટે લાયક બનતાં અરજદારોની એક યાદી બનાવવામાં આવે છે. બેન્ડની સ્કીમ વિશે માહિતી મેળવવા માટે, જુઓ અરજીઓને અગ્રતા આપવી.
એકવાર અરજીનું ચક્ર બંધ થઈ જાય તે પછી, લાગતાવળગતા મકાનમાલિકો મકાનમાં રસ ધરાવનારાં અરજદારોની તૈયાર કરવામાં આવેલી યાદી જોશે. મોટા ભાગના સંજોગોમાં, યાદીમાં સૌથી પહેલા નંબરે રહેલી વ્યક્તિને તે મકાનની ઓફર કરવામાં આવશે. જો યાદીમાં પહેલા નંબર પર રહેલી વ્યક્તિને મકાનમાલિક મકાન ઓફર કરી શકે તેમ નહિ હોય તો તે પછીના નંબર પર રહેલા અરજદારનો વિચાર કરવામાં આવશે અને તેવી રીતે યાદીમાં ક્રમવાર વ્યક્તિઓને ધ્યાનમાં લેવામાં આવશે.

અરજી કરવા માટેનું આ ચક્ર રવિવારે રાત્રે 23.59 વાગે પૂરું થાય છે. ચક્ર પૂરું થાય ત્યારે કોઈ મકાન માટે તમે પહેલા નંબર પર છો એવું તમે જુઓ તો કૃપા કરીને તે માટેના લાગતાવળગતા મકાનમાલિક તમારો સંપર્ક કરે તેની રાહ જુઓ, કારણ કે તેઓ કદાચ તરત જ તમારો સંપર્ક ન પણ કરી શકે.

તમને ઓફર કરવામાં આવેલું મકાન લેવાનો તમે ઈનકાર કરશો તો સામાન્ય રીતે તમને 6 મહિનાના સમય માટે એક બેન્ડ નીચે મૂકી દેવામાં આવશે. જો તમને લાગતું હોય કે આ ઓફર વાજબી ન હતી અને તમારા માટે યોગ્ય ન હતી, તો ઓફરનો ઈનકાર કરવા પાછળનાં તમારાં કારણો તમારે હોમચોઈસ બ્રિસ્ટલ ટીમને લેખિત જણાવવાનાં રહેશે. જો તમને આમાં મદદની જરૂર હોય, તો કોઈ પણ કસ્ટમર સર્વિસ પોઈન્ટનો સંપર્ક કરો.

જો તમને કોઈ એક મકાનની ઓફર કરવામાં આવી હોય તો જ્યાં સુધી તે ઓફરની સ્વીકાર કરવો કે તેનો ઈનકાર કરવો તેનો તમે નિર્ણય નહિ લઈ લો ત્યાં સુધી તમને બીજાં કોઈ મકાનો માટેની યાદીમાં સમાવવામાં આવશે નહિ.

જો તમે મકાનનો સ્વીકાર કરશો તો તે મકાનના મકાનમાલિક તમારે ટેનન્સી એગ્રીમેન્ટમાં સહી કરવા અને ઘરની ચાવીઓ લેવા માટેની અપોઈન્ટમેન્ટ ગોઠવશે.

પગલું ચાર - વળતા વિચારો જણાવવા

તમે જ્યારે વેબસાઈટ મારફતે કોઈ મકાન માટે અરજી મૂકશો ત્યારે કતારમાં તમારો કેટલામો નંબર છે તે બતાવવામાં આવશે. જો તમે ટેલિફોન મારફતે અરજી મૂકશો, તો તમે તમારી અરજીની વિગતો ચોક્કસ કરી લીધા પછી કતારમાં તમે કયા નંબર પર છો તે તમને કહેવામાં આવશે.તમે જાહેરાતના સમયના ચક્ર દરમ્યાન કોઈ પણ સમયે કતારમાં તમારો નંબર કેટલામો છે તે તમારા અકાઉન્ટમાં લોગઈન કરીને જોઈ શકો છો. Login/My account આ જાહેરાતના સમયના ચક્ર દરમ્યાન કતારમાં તમારો નંબર બદલાવાની શક્યતા છે કારણ કે

એક જ મકાન પર બીજાં લોકો પણ અરજી મૂકે છે. એટલા માટે, તમે કદાચ તમારી અરજી બદલવા ઈચ્છો અને જેના માટે કતારમાં તમારો નંબર ઉપરના સ્થાને હોય તેવાં મકાનો માટે અરજી મૂકવા વિચારી શકો.
સફળતાપૂર્વક ભાડે ચડાવવામાં આવેલાં મકાનો વિશેની માહિતી હોમચોઈસ બ્રિસ્ટલની વેબસાઈટ પર તેમજ ન્યૂઝલેટરમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે જે બ્રિસ્ટલ સિટી કાઉન્સિલના કસ્ટમર સર્વિસ પોઈન્ટ પરથી મેળવી શકાય છે. કોઈ મકાન માટે કેટલાં લોકોએ અરજી કરેલી છે, અને તેમાં સફળ થયેલાં અરજદારોના બેન્ડ તેમજ અગ્રતાની તારીખ વગેરે વિગતો તમે તાજેતરમાં ભાડે ચડાવવામાં આવેલાં મકાનો પર જઈને મેળવી શકો છો.

આ માહિતીથી કોઈ મકાન અથવા વિસ્તાર કેટલા પ્રચલિત છે અને સામાન્ય રીતે તમારે કેટલો લાંબો સમય રાહ જોવી પડશે તેનો તમને બહેતર ખ્યાલ આવશે. તે પછી તમારે બીજા પ્રકારનું કે બીજા વિસ્તારમાં મકાન શોધવું કે નહિ તે તમે નક્કી કરી શકો છો જે માટે તમારે બહુ લાંબો સમય રાહ ન જોવી પડે.

આ સેવાનો ઉપયોગ કોણ કરી શકે

બ્રિસ્ટલ હાઉસિંગ રજિસ્ટર પર સ્વીકારવામાં આવેલી કોઈ પણ વ્યક્તિ આ સેવાનો ઉપયોગ કરી શકશે. હાઉસિંગ રજિસ્ટરમાં જોડાવા માટેની અરજી કરવા માટે તમે 16 વર્ષથી વધારે ઉંમરનાં હોવાં જ જોઈએ. તમારે એક એપ્લિકેશન ફોર્મ ભરવાનું રહેશે જે તમને કોઈ પણ કસ્ટમર સર્વિસ પોઈન્ટ પરથી મળી શકશે અથવા તમે ઓન-લાઈન એપ્લિકેશન ફોર્મ ભરી શકો છો. આ એપ્લિકેશન ફોર્મથી તમે કાઉન્સિલ અથવા હાઉસિંગ અસોસિએશનનું ભાડાનું ઘર મેળવવા માટે અરજી કરી શકશો. અમારો સંપર્ક કેવી રીતે કરવો અને અમારા ખૂલવાના સમયની વિગતો માટે અમારો સંપર્ક કેવી રીતે કરશો પર ક્લિક કરો.

તમારા એપ્લિકેશન ફોર્મની સાથે નીચેના દસ્તાવેજો પૂરા પાડવાનું પણ તમને કહેવામાં આવશેઃ

- ઘરના બધા જ સભ્યોની ઓળખના પુરાવા (દા.ત. પાસપોર્ટ્સ, જન્મના સર્ટિફિકેટો)
- હાલના સરનામાનો પુરાવો (દા.ત. તાજેતરનું ગેસ અથવા વીજળીનું બિલ)
- જો તમે બ્રિટિશ નાગરિક ન હો તો યુકેમાં રહેવાનો તમારો અધિકાર બતાવતો પુરાવો (દા.ત. પાસપોર્ટ અને હોમ ઓફિસ તરફથી અન્ય લાગતાવળગતા દસ્તાવેજો)

તમને મકાનની ઓફર કરવામાં આવે તે પહેલાં, તમારી અરજીને ટેકો આપવા માટે બીજા દસ્તાવેજો પણ તમારી પાસેથી માગવામાં આવશે. કયા દસ્તાવેજો પૂરા પાડવાના છે અને તે ક્યારે અમને આપવાના છે તે અમે તમને કહીશું.

પૂરા પાડવામાં આવેલા બધા જ દસ્તાવેજો અસલ, છેલ્લામાં છેલ્લી તારીખના અને કાયદેસર માન્ય હોવા જ જોઈએ.

એકવાર દસ્તાવેજો મળી જશે તે પછી તમારી અરજીનું મૂલ્યાંકન કરવામાં આવશે અને તેને યોગ્ય બેન્ડમાં મૂકવામાં આવશે. અમારી બેન્ડની સ્કીમ વિશે વધારે વિગતો જાણવા માટે અરજીઓને અગ્રતા આપવી પર ક્લિક કરો.

આ સેવાનો ઉપયોગ કોણ ન કરી શકે?

જો તમે એપ્લિકેશન ફોર્મ ન ભર્યું હોય અને હાઉસિંગ રજિસ્ટરમાં તમારો સ્વીકાર કરવામાં ન આવ્યો હોય તો તમે આ સેવાનો ઉપયોગ કરી શકો નહિ.

એવાં પણ કેટલાંક લોકો છે જેઓ કાયદા અનુસાર હાઉસિંગ રજિસ્ટર પર જોડાઈ શકશે નહિ. તેઓ નીચેનાં લોકો છેઃ

- જેઓ 1996ના અસાયલમ એન્ડ ઈમિગ્રેશન એક્ટ હેઠળ ઈમિગ્રેશન કંટ્રોલને અધીન હોય તેવાં કેટલાંક લોકો.
- વિદેશથી આવેલાં કેટલાંક લોકો જેઓ ઈમિગ્રેશન કંટ્રોલને અધીન ન હોય, પરંતુ જેઓ યુ.કે., ચેનલ આઈલેન્ડ, ધ આઈલ ઓફ મેન અથવા રીપબ્લિક ઓફ આયરલેન્ડના કાયમી રહેવાસી ન હોય.
- જે લોકો (તેમના ઘરનાં અન્ય સભ્યો સહિત) અસ્વીકાર્ય વર્તન કરવા બદલ ગુનેગાર ઠરેલાં હોય અને તેના લીધે તેઓ ભાડૂત હોવા તરીકે યોગ્ય ન હોય.

વધારે વિગતવાર માહિતી માટે હોમચોઈસ બ્રિસ્ટલ ટીમનો અથવા કોઈ પણ કસ્ટમર સર્વિસ પોઈન્ટનો સંપર્ક કરો.

અરજીઓને અગ્રતા આપવી

હોમચોઈસ બ્રિસ્ટલ અરજીઓને અગ્રતા આપવા માટે બેન્ડની પદ્ધતિનો ઉપયોગ કરે છે.
ભાડાનાં રહેઠાણ માટેની તેમજ ટ્રાન્સફર માટે મળેલી બધી જ અરજીઓનું મૂલ્યાંકન કરવામાં આવશે અને તેમને 5માંથી કોઈ એક બેન્ડમાં મૂકવામાં આવશે. નીચેના ટેબલમાં બેન્ડની પદ્ધતિ જણાવવામાં આવી છે અને દરેક બેન્ડમાં મૂકવા માટે લાયક બનતાં હોય તેવાં અરજદારોનાં ઉદાહરણો આપવામાં આવેલાં છે.

બેન્ડ	**માપદંડ (ક્રાઈટીરિયા)**
બેન્ડ 1	અરજી કરનારને બેન્ડ 1માં મૂકવામાં આવશે, જોઃ તેમને ફેરબાંધકામ અથવા રીપેરનાં મોટાં કામોને કારણે કાઉન્સિલ અથવા હાઉસિંગ અસોસિએશન દ્વારા ત્રણ મહિનાની અંદર ઘર બદલાવવાની જરૂર હોય. તેઓ ફોસ્ટર કેરર બનવાનાં હોવાને કારણે તેમણે મોટા ઘરમાં રહેવા જવું પડે તેમ હોય (ચિલ્ડ્રન એન્ડ યંગ પીપલ્સ સર્વિસીસ વિભાગ દ્વારા ભલામણ કરવામાં આવ્યા મુજબ). તેઓ કાઉન્સિલ અથવા હાઉસિંગ અસોસિએશનનાં ભાડૂત હોય અને તેમના ઘરમાં ઓછામાં ઓછા 2 બેડરૂમો વધારાના હોય અને તેઓ હાલમાં રહેતાં હોય તેના કરતાં 2 રૂમો ઓછા હોય તેવા મકાનમાં રહેવા જવાની વિનંતી કરી રહ્યાં હોય. તેમના ઘરમાં માણસોની એટલી ગંભીર પ્રમાણમાં ભીડ હોય કે તેમને ઓછામાં ઓછા ત્રણ બેડરૂમો ઓછા પડતા હોય. **HN (Housing need - હાઉસિંગ નીડ - રહેઠાણની જરૂરત - મારી એક કરતાં વધારે જરૂરતો હોય તો શું કરવું? - જુઓ)** તેઓ ચિલ્ડ્રન્સ એન્ડ યંગ પીપલ સર્વિસ દ્વારા સમર્થન આપવામાં આવ્યા મુજબ બ્રાનશાઉટ સપોર્ટેડ લોજિંગ સ્કીમ પૂરી પાડનારાં હોય, અને તેમને તેમની આ ભૂમિકા નિભાવવા માટે મોટા મકાનની જરૂરત હોય. તેઓ આ સ્કીમની અંદર પહેલેથી સમાવેલી કોઈ પણ શ્રેણીમાં ન આવતાં હોય, પરંતુ ત્રણ મહિનાની અંદર તેમને બીજું ઘર આપવું જ પડે તેમ હોય તેવી તેમની અપવાદરૂપ અને તાત્કાલિક જરૂરતો હોય.
બેન્ડ 2	અરજી કરનારને બેન્ડ 2માં મૂકવામાં આવશે, જોઃ તેમને અથવા તેમના ઘરના બીજા કોઈ સભ્યને કોઈ ગંભીર અને/અથવા જીવલેણ શારીરિક કે માનસિક આરોગ્યની સમસ્યા હોય જે તેમના હાલના રહેઠાણ સાથે સીધી રીતે જોડાયેલી હોય. અરજદાર (અથવા તેમના ઘરના કોઈ સભ્ય) સ્વતંત્રપણે અને સલામતીપૂર્વક જીવન જીવી શકે તે માટે તેમને તાત્કાલિકપણે જુદા પ્રકારના રહેઠાણમાં કે વિસ્તારમાં રહેવા જવું પડે તેવી કોઈ તાત્કાલિક જરૂરત હોય. **HN** તેમના ઘરમાં માણસોની એટલી ગંભીર પ્રમાણમાં ભીડ હોય કે તેમની બેડરૂમની હકપાત્રતા હોય તેના કરતાં તેમને બે બેડરૂમો ઓછા પડતા હોય. **HN** તેઓ 'મૂવ-ઓન' સ્કીમ માટે લાયક બનતાં હોય. તે/તેણી સપોર્ટેડ લોજિંગ સ્કીમ હેઠળ લાયક બનતાં હોય અને સ્વતંત્ર સામાજિક રહેઠાણમાં રહેવા જવા માટે તૈયાર હોય.
બેન્ડ 3	અરજી કરનારને બેન્ડ 3માં મૂકવામાં આવશે, જોઃ તેમની અથવા તેમના ઘરના બીજા કોઈ સભ્યની ગંભીર પ્રમાણમાં હેરાનગતી થતી રોકવા માટે અથવા નુકસાન થવાનો માની શકાય તેવો ભય ટાળવા માટે તેમને તાત્કાલિક બીજું ઘર આપવાની જરૂર હોય. **HN** તેમને અથવા તેમના કુટુંબના કોઈ સભ્યને તેમની સુખાકારીમાં ઘણા મહત્ત્વના પ્રમાણમાં ફાયદો થઈ શકે તે માટે તેમના કોઈ સગાંની નજીકમાં રહેવા માટે અથવા ટેકો આપવા કે મેળવવા માટે તાત્કાલિક બીજું ઘર આપવાની જરૂર હોય. **HN**

	હાઉસિંગ એક્ટ 1996ની s193(2) હેઠળ તેમના પ્રત્યે બ્રિસ્ટલ સિટી કાઉન્સિલની કાયદેસર ફરજ બનતી હોય અને તેઓ કામચલાઉ રહેઠાણમાં ન રહેતાં હોય (પરંતુ કટોકટીમાં અપાયેલ રહેઠાણમાં રહેતાં હોવાં સહિત) હાઉસિંગ એક્ટ 1996ની s193(2) હેઠળ તેમના પ્રત્યે બ્રિસ્ટલ સિટી કાઉન્સિલની કાયદેસર ફરજ બનતી હોય અને તેઓ આ ફરજને અન્વયે 12 મહિના કરતાં વધારે સમયથી કામચલાઉ રહેઠાણમાં રહેતાં હોય. **HN** તેઓ એવા ઘરનાં કાયમી સભ્ય હોય જ્યાં મુખ્ય ઘરમાં ગંભીર પ્રમાણમાં લોકોની વધારે ભીડ હોય (એટલે કે તેમને જરૂરત હોય તેના કરતાં તે ઘરમાં 2 બેડરૂમો ઓછાં હોય અને તેમને 4 અથવા વધારે બેડરૂમોની જરૂરત હોય) અને તેમને બીજા ઘરમાં ખસેડવાથી તે મુખ્ય ઘરની અંદર વધારે પડતાં માણસોની ભીડ ઓછી કરવામાં મદદ થવાની હોય. **HN** તેઓ એટલી ગંદી કે અસંતોષકારક રહેઠાણની સગવડમાં રહેતાં હોય જે એટલી બધી ગંભીર હોય કે જેના લીધે વ્યક્તિના આરોગ્ય અને સુખાકારી પર ખતરો ઊભો થતો હોય, તેના પરિણામે તેમને બીજું ઘર આપવું પડે તેમ હોય. **HN** તેઓ બ્રિસ્ટલ હાઉસિંગ પાર્ટનરશીપનાં ભાડૂત હોય જેઓ એવા ભીડવાળાં મકાનમાં રહેતાં હોય જ્યાં તેમની હકપાત્રતા કરતાં એક બેડરૂમ ઓછો હોય અને તેમના રહેઠાણની પરિસ્થિતિ અંગે મૂલ્યાંકન કરવામાં આવેલું હોય જે બતાવે કે ત્યાં શ્રેણી 1 અનુસારનું જગ્યા અને ભીડનું જોખમ છે. **HN** ચિલ્ડ્રન એન્ડ યંગ પીપલ્સ સર્વિસીસ દ્વારા રીફર કરવામાં આવ્યા મુજબ તેઓ સંભાળ છોડીની નીકળી રહેલાં યુવાન વ્યક્તિ હોય.
બેન્ડ 4	અરજી કરનારને બેન્ડ 4માં મૂકવામાં આવશે, જોઃ તેઓ બ્રિસ્ટલ હાઉસિંગ પાર્ટનરશીપનાં ભાડૂત હોય અને તેમના ઘરમાં માણસોની સંખ્યાના પ્રમાણમાં એક રૂમ વધારાનો હોય, અને તેઓ હાલમાં રહેતાં હોય તેના કરતાં એક રૂમ ઓછો હોય તેવા મકાનમાં રહેવા જવા માટેની વિનંતી કરી રહ્યાં હોય. તેમના ઘરમાં માણસોની ભીડ એટલી બધી હોય કે તેમની બેડરૂમની હકપાત્રતા હોય તેના કરતાં તેમની પાસે એક બેડરૂમ ઓછો હોય. **HN** તેઓ ઘર વગરનાં (હોમલેસ) હોય, અને તેમના પ્રત્યે બ્રિસ્ટલ સિટી કાઉન્સિલની ફરજ બનતી હોય અને તેઓ 12 મહિના કરતાં ઓછા સમયથી કામચલાઉ રહેઠાણમાં રહેતાં હોય. **HN** તેમને અથવા તેમના કુટુંબના કોઈ સભ્યને કોઈ એવી શારીરિક કે માનસિક આરોગ્યની તકલીફ હોય જે અમુક અંશે તેમના હાલના રહેઠાણ સાથે જોડાયેલી હોય અને તેમને જુદા પ્રકારના ઘરમાં કે વિસ્તારમાં બીજું ઘર રહેવા આપવાને કારણે તેમાં મદદ થઈ શકે તેમ હોય. તે મકાનમાં વાજબી રીતે સુધારા વધારા કરી શકાય તેમ ન હોય અને તેમની સમસ્યા બેન્ડ 2 માટેનો માપદંડ પૂરો કરતી ન હોય. **HN** તેમણે અથવા તેમના કુટુંબનાં કોઈ સભ્યએ કોઈ અમુક ચોક્કસ વિસ્તાર અથવા શહેરમાં રહેવા જવું પડે તેમ હોય, જ્યાં જો તેમની તે જરૂરત પૂરી કરવામાં ન આવે તો તેના કારણે તેમને પોતાને અથવા બીજાં લોકોને હાડમારી પડી શકે તેમ હોય. **HN**
બેન્ડ 5	જો કોઈ અરજી ઉપરના બેન્ડ 1 - 4માં જણાવેલામાંથી એક પણ માપદંડ પૂરો ન કરતી હોય તેમને બેન્ડ 5માં મૂકવામાં આવશે.

મારી અરજીને કઈ તારીખથી ધ્યાનમાં લેવામાં આવશે?

અરજીઓને દરેક બેન્ડની અંદર તારીખોના ક્રમમાં ધ્યાનમાં લેવામાં આવશે. આ અરજી મળી હશે તે તારીખ હશે અથવા જ્યારે અગ્રતા/બેન્ડ આપવામાં આવ્યા હોય તે તારીખ હશે.

મારી એક કરતાં વધારે જરૂરતો હોય તો શું કરવું?

જો કોઈ અરજી **HN હાઉસિંગ નીડ (રહેઠાણની જરૂરત)** દ્વારા સૂચવવામાં આવ્યા મુજબ બે અથવા વધારે બેન્ડની શ્રેણીમાં આવતી હોય, તો તે અરજીને બેમાંથી જે ઊંચો બેન્ડ હશે તેમાં મૂકવામાં આવશે અને તેની અસરમાં આવવાની તારીખને છ મહિના પહેલાંની કરી દેવામાં આવશે. જે લોકોની રહેઠાણની જરૂરતો સૌથી વધારે હોય તેમને પહેલી પસંદગી આપવામાં આવે છે તેની ખાતરી કરવા માટે આ કરવામાં આવે છે. સંયુક્ત જરૂરતોને ધ્યાનમાં લેતી વખતે, કોઈ પણ અરજીની તારીખને ક્યારેય પણ વધુમાં વધુ માત્ર છ મહિનાના સમય પહેલાંની જ કરવામાં આવશે.

શું મને એક બેન્ડ નીચે મૂકવામાં આવી શકે?

કોઈ અરજીને નીચલા બેન્ડ પર મૂકવામાં એટલે કે, 'રેલિગેટ' કરવામાં આવી શકે, જો કોઈ અરજદારઃ

- બ્રિસ્ટલમાં કોઈ સ્થાનિક જોડાણ ન ધરાવતાં હોય.
- એવું કુટુંબ હોય જેમની સંયુક્ત આવક અથવા બચત £30,000 કરતાં વધારે હોય, અથવા જેમના પર કોઈ નિર્ભર વ્યક્તિ ન હોય અને જેમની સંયુક્ત આવક અથવા બચત £25,000 કરતાં વધારે હોય.
- ઘર માલિક હોય જેઓ કુટુંબ હોય અને તેમની પાસે £30,000 કરતાં વધારે મૂડી હોય અથવા જેમના પર કોઈ નિર્ભર વ્યક્તિ ન હોય અને તેમની પાસે £25,000 કરતાં વધારે હોય.
- અસ્વીકાર્ય વર્તન કરવા બદલ ગુનેગાર સાબિત થયેલાં હોય.
- જેમના પર બ્રિસ્ટલ સિટી કાઉન્સિલ અથવા હાઉસિંગ અસોસિએશનને ચૂકવવાનું £300 કરતાં વધારે દેવું (કરજ) ચડેલું હોય.
- છેલ્લા છ મહિનાની અંદર રહેઠાણ માટેની ઓફરનો ઈનકાર કરી ચૂક્યાં હોય.

જો તમને લાગતું હોય કે અમે ગેરવાજબી રીતે તમારી અગ્રતા ઘટાડી દીધી છે અથવા તમને જે બેન્ડમાં મૂકવામાં આવ્યાં હોય તેની સાથે જો તમે સહમત ન હો, તો તમે અમારા નિર્ણય સામે અપીલ કરી શકો છો.